રે.દિ.મુ નં. ૨૦૪/૨૦૧૧

**આંક : ૧ લગત હુકમ**

હાલનો દાવો આ કામના વાદીએ તા.૦૧/૦૬/૨૦૧૧ ના રોજ રજુ કરેલ છે. ત્યારબાદ વાદીએ આંક–૯ થી પ્રતિવાદી નં.૨(એ) તથા આંક–૩૮ થી પ્રતિવાદી નં.૨(બી) તથા આંક–૨૧ થી પ્રતિવાદી નં.૩ નાઓને ડીલીટ કરેલ છે. પ્રતિવાદી નં.૧(એ) ને સમંસ કરતાં તેઓ મરણ ગયેલ હોવાથી વાદીએ આંક–૨૫ થી તા.૧૦/૦૨/૨૦૧૬ ના રોજ તેઓના વારસો દાખલ કરવાની અરજી આપેલી. જે અરજી અન્વયે તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજ મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ હુકમ કરી વાદીની અરજી મંજુર કરી નીયત સમયમાં દાવા અરજીમાં સુધારો કરી સુધારેલી દાવા અરજી રજુ કરવાનો હુકમ કરેલ છે.

આમ, વાદીની આંક–૨૫ ની અરજી તા.૨૨/૧૦/૨૦૨૧ ના રોજના હુકમ મુજબ વાદીએ આજદીન સુધી સુધારેલી દાવા અરજી રજુ કરેલ નથી. વધુમાં વાદીએ ગઈ મુદત તા.૨૦/૧૨/૨૦૨૩ ના રોજ સુધારેલી દાવા અરજી રજુ કરવા માટે મુદત અરજી આપેલી. જે અરજી અન્વયે વાદી ને રૂા.૧૦૦૦/– નો કોસ્ટ કરી દિન–૭ નો સુધારેલી દાવા અરજી રજુ કરવા માટે આપેલો. તેમ છતાં આજરોજ સાંજના ૧૭:૪૫ કલાક સુધી વાદી કે તેમના વકીલશ્રી અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે આંક–૨૫ ના હુકમ મુજબ આજદીન સુધી સુધારેલી દાવા અરજી રજુ કરેલ નથી. તે સંજોગોમાં હાલના દાવાની આગળની કાર્યવાહી થઈ શકે તેમ ન હોવાથી સીવીલ પ્રો.કોડ ઓ.૯ રૂલ ૩ ની જોગવાઈ મુજબ વાદીની ગેર હાજરીમાં વાદીનો દાવો રદ કરવામાં આવે છે.

તાઃ ૦૧/૦૧/૨૦૨૪

( એ.આર.દ્વિવેદી )
૮માં એડી. સીની. સીવીલ જજ
ગાંધીનગર.જી.જે. ૦૧૧૮૩